RAN-2401000106020507

# RAN-2401000106020507

## T. Y. B. A. (Sem. - VI) Examination October - 2025

## Gujarati (Paper - XXII-B)

## અપઠિત અનસીન

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book.

Seat No.:

Student's Signature

**પ્ર. 1. નીચેનામાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (10)**

1. રાજેન્દ્ર શાહ કયા યુગના કવિ છે. શ્રેષ્ઠ સર્જન માટે તેમને કયા પુરસ્કારો મળ્યા છે?
2. ચીનુ મોદીનું તખ્ખલુસ જણાવી તેમના બે ગઝલ સંગ્રહના નામ લખો.
3. ગુજરાતી સાહિત્યમાં તિરોધાન સંજ્ઞાની ચર્ચા કરનાર વિદ્વાનનું નામ લખો.
4. સંન્નિધિકરણ એટલે શું? અર્થ સ્પષ્ટ કરો.
5. કવિતાનો આસ્વાદ કરાવતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?
6. છંદમાં ગણ કેટલા? તેનું એકાક્ષરી નામ જણાવો.
7. ‘સભાની અદબ રાખી વાણીને લગામ કરું’, કયા છંદનું ઉદાહરણ છે?
8. પૃથ્વી છંદનો પ્રકાર જણાવી તેનું બંધારણ લખો.

**પ્ર. 2. કવિ સર્જકની કેફિયતને આધારે કોઈપણ એક સર્જકની સર્જન પ્રક્રિયાનો પરિચય કરાવો. (13)**

1. ઉમાશંકર જોશી
2. રમેશ પારેખ
3. ચિનુ મોદી

**પ્ર. 3. કાવ્યકૃતિનો આસ્વાદ કરાવો. (13)**

**પ્રણયમાં કાલક્ષેપ**

નહીં આવે આડે પ્રણય પ્રણયીના હિત મહીં
કદા; કહેવું એવું, પ્રિયતમ સખે ! લાયક નહીં,
દિસે તોયે ખોટું, સદય પર શું નિર્દય થવું?
તપાસી જો, જોશે અનુભવ વિષે અંકુર નવું !

વિચારે કે મોડું ક્ષણ પણ થતે, હા ! નહિ વળે,
મળે જ્યારે ત્યારે સમય વહી જાતાં નહિ મળે,
સખે ! ધારા પ્રેક્ષી જલદ રસમાં સ્નાન કરવું,
જરા વ્હેલું? હૈયું નહિ, અરર ! એવું ન ધરવું.

નથી તારું એ કૈં, સકળ રચના છે કુદરતી,
નિસર્ગે બંધાતી, ત્રુટિત પણ મેળે થઇ જતી,
પડ્યું જે સંગીત શ્રુતિ પર નભોમંડળ તણું,
અરે ! જો મા તારો સમય, વિરલું અંતર ઘણું !

સુધાનાં તત્વોનું મધુર મધુ કોને નહિ ગમે?
સ્વભાવે પ્રેરાતું પ્રિય હૃદય નિષ્કારણ દમે !
ઉઘાડી દે હાવાં પણ વિહગને પિંજર જવા,
બની ઘેલું પેલી કુસુમરજમાં મૂર્ચ્છિત થવા !

– મણિશંકર રત્નજી ભટ્ટ, 'કાન્ત'

અથવા

**પ્ર. 3. ચાવીરૂપ સંજ્ઞાઓનો સોદાહરણ પરિચય કરાવો.**

1. પીઠ ઝબકાર
2. વિરેચન

**પ્ર. 4. અ.** અનુષ્ટુપ, હરિગીત, શિખરિણી, સ્રગ્ધરા – પૈકી કોઇપણ બે છંદ ઉદાહરણ સહિત સમજાવો. **(07)**

**પ્ર. 4. બ. કોઈપણ બે છંદ ઓળખાવી બંધારણ સમજાવો.** **(07)**

1. ''નિહાળ્યાં જેહને છે ના, તેનું રે ચિત્ર દોરવું
   મારે આ વાયુની માંહે, કોનું રે શિલ્પ દોરવું?''
2. ''સ્નેહધન, કુસુમવન વિમલ પરિમલ ગહન
   નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે.''
3. ''ઠામેઠામ વહે સુકે, કલુષિતે, અંધાર ઘેરે જઇ,
   સ્પર્શી જીવન નવ્ય ભવ્ય પ્રગટે સૌંદર્યમૂર્તિ પ્રભુ.''
4. ''સ્ત્રીપુરુષની તેથી જ સઉમાં મિત્રતા ઉત્તમ કહી
   એ મિત્રતા વા સ્નેહ કહો, તે હાર્દ દમ્પતી ભાવનું.''

---